| | | |
|---|---|---|
| वर्ष : २० | सने : २०२२ | सं.२०७९ |
| अंक : ५, | સળંગ અંક-૧૨૬ | पोष-डिसेम्बर |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૯

અંક : ૫ પોષ-ડિસેમ્બર સળંગ અંક-૧૨૬

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **અહો નવકાર !!!**

★ **લોકપ્રકાશના ભાવો, લોકભોગ્ય ભાષામાં..**

★ **આ અંકની લઘુકથા**

★ **અનુમોદનાનો અમૃતથાળ**


## આર્ષવાણી

**जं आणवेइ राया,**

**पगइओ तं सिरेण इच्छंति।**

**इय गुरुजणमुहभणियं,**

**कयंजलिउडेहिं सोअव्वं ॥**

જેમ રાજાની આજ્ઞા પ્રજાજન શિરોમાન્ય કરે છે,તેમ સાધુએ ગુરુજનના મુખથી નીકળેલા વચનને બે હાથની અંજલિ પૂર્વક નતમસ્તકે સ્વીકારવું જોઈએ. **ઉપદેશમાળા**

જેમ દેવસમૂહને ઈન્દ્ર,ગ્રહ-નક્ષત્ર અને તારાઓના સમૂહને ચન્દ્ર તથા પ્રજાજનને રાજા આનંદ આપે છે, તેમ સાધુસમુદાયને ગુરુ આનંદ પ્રદાન કરે છે.



## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...)જેમની કીર્તિ દેવલોકમાં અને અસુરલોકમાં ગવાતી હોય તેમના ગુણગાન માનવલોકમાં થાય એ સ્વાભાવિક છે. રાજા જેના ગુણગાન કરતો હોય તેના ગુણગાન પ્રજા કરે તે પણ નૈસર્ગિક છે. 'યથારાજા તથા પ્રજા:' એ કહેવત મુજબ પ્રજા રાજાને જ અનુસરતી હોય છે. રાજા તો પ્રજા માટે આદર્શ જ હોય તેમાં નવાઈ નથી. પ્રજામાં રહેલી વ્યક્તિ રાજા માટે આદર્શ બને એ અપ્રાસંગિક ગણાય. આજના બનેલા પ્રસંગ પરથી એવું થયું કે-સહુ જીવો માટે સુદર્શન મહાશ્રાવક આદર્શ બની ગયા !

મહાન સુદર્શનના ઔદાર્ય -ગાંભીર્ય-સહિષ્ણુતા-પરહિતચિંતા - વ્રત અને નિયમની દઢતા, ધર્મશ્રદ્ધા-જીવમાત્રની દયા,પરોપકારપ્રિયતા, સજ્જનતા, અપકારી પર પણ ઉપકાર કરવાની વૃત્તિ, અધમ- નાલયક-નિંદ્ય કાર્ય કરનારનેય માફ કરવાની ઉદારતા, કરુણા વગેરે ગુણોએ સુદર્શનને લોકપ્રિય બનાવી દીધો. ચારે બાજુ યશવાદ અને કીર્તિનો વિસ્તાર થઈ ગયો. જગબત્રીસીએ ઠેર-ઠેર તેમનાં વખાણ થવા લાગ્યાં.બધાને ખ્યાલ આવી ગયો કે સુદર્શનનો કોઈ દોષ નથી.રાણી દોષિત છે. રાજા દ્વારા સુદર્શનને અન્યાય થયો છે. અલબત્ત,તે માટે જ રાજાએ સુદર્શન પાસે માફી પણ માંગી લીધી અને ઉદારતા સાથે ક્ષણવારમાં શ્રેષ્ઠીએ માફી આપી પણ દીધી. પાપભીરુ જીવોને માફી માંગવામાં કે માફી આપવામાં વાર લાગતી નથી કે શરમ-સંકોચ થતો નથી.માફી માંગવામાં નાનમ(લઘુતા)અને માફી આપવામાં મોટાઈ આડે આવતી નથી. કારણ, માફી ન માગવાથી અથવા માફી ન આપવાથી ભાવિમાં થનારા અનર્થોનું તેમને જ્ઞાન હોય છે. કષાયોની થયેલી વૃદ્ધિ સંસારના પરિભ્રમણને અને દુર્ગતિ-ગમનને વધારી મૂકે છે !

સુદર્શન શ્રેષ્ઠીની વાણીએ પણ ચમત્કાર સર્જ્યો! તેઓની શુભભાવનારૂપ હિમાલયના શિખરમાંથી પ્રવાહરૂપે બહાર આવેલી વાણી-સરિતાનાં નીરમાં સ્નાન કરી શુદ્ધ થયેલા રાજા અને પ્રજાજનો ખુશ થયા, જાણે નદીનાં નીરમાં નાહીને પ્રસન્ન થયા.

હર્ષિત થયેલો રાજા નગર બહાર રહેલા વધ્યસ્થાન(શૂળી)થી શેઠને મહોત્સવપૂર્વક નગરમાં લઈ ગયો. રાજસભામાં સર્વજનો સમક્ષ પ્રેમપૂર્વક, ભક્તિ-બહુમાન સાથે પુષ્પહારાદિથી તેઓનો સત્કાર કર્યો. કરેલા અપમાનનું આ પણ એક પ્રાયશ્ચિત્ત-વારણ છે.આના દ્વારા નિરપરાધીના હૈયામાં રહેલી દ્વેષ

ભાવના(શત્રુતા)પણ નાશ પામે છે.રાજાના સત્કારથી એ પણ સૂચિત થાય છે કે,સામી વ્યક્તિ ગુનેગાર-અપરાધી નથી. અપરાધનો આક્ષેપ અયોગ્ય હતો.

હવે,વાસ્તવિકતાની જાણકારી મેળવવા માટે રાજાએ સુદર્શન શ્રાવકને એકાંતમાં બોલાવ્યો.જે હકીકત બની હોય તે યથાર્થ જણવવા કહ્યુંઃ ઘટનામાં દોષિત કોણ હતું એ પુરવાર થઈ ગયું હોવાથી કાંઈ જ છુપાવ્યા વગર સઘળી બીના શેઠે રાજા દધિવાહનને કહી દીધી! સાચી વાત જાણ્યા પછી સમગ્ર પ્રકરણમાં મારી રાણી અભયા જ દોષિત છે, એ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું. માયા-દંભ કરી, પોતાના પાપ-દોષને ઢાંકનારી રાણી પર અત્યંત ગુસ્સો આવ્યો. રાણી પર રાજા ગુસ્સે ચઢ્યા છે,એની જાણ રાજાનો ચહેરો જોતાં જ શેઠને થઈ ગઈ ! તરત જ એ ગુસ્સાને શાંત કરનાર-ઠારનાર વચનો શ્રેષ્ઠીએ રાજાને સંભળાવ્યાં.એટલું જ નહીં,પરના હિતની ચિંતાથી ઘેરાયેલા શેઠે રાજા પાસે અભયાને અભયદાન આપવાનું વચન લીધું! કારણ,**'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી,ચિંતવીએ પ્રતિકૂળ સુજ્ઞાની.'**જેવાં ટંકશાળી શાસ્ત્રવચનો તેમના મનમાં હંમેશા રમતાં હતાં. શેઠ જિનવાણીના અને શાસ્ત્ર-સ્વાધ્યાયના પ્રેમી હતા. પ્રભુનાં પાપથી બચાવનારાં, દુઃખથી ઉગારનારાં,ધર્મના-મોક્ષના માર્ગે આગળ વધારનારાં, મુક્તિના લક્ષ અને પક્ષને જગાડનારાં, દોષો-દુર્ગુણોના અનર્થોને જણાવનારાં,જગતથી -મિથ્યાત્વીઓથી પણ અકાટ્ય એ વચનો તેમના અંતઃકરણમાં કાયમ રમતાં હતાં. એટલું જ નહીં, અવસરે એનો સદુપયોગ કરતા હતા.

રાજા અભયારાણી ઉપર ભયંકર ગુસ્સાવાળા થવા છતાં સજ્જન શિરોમણિ સુદર્શનના આગ્રહથી જીવિતદાન આપવા સંમત થઈ ગયા. કોઈના દિલનેય ઠેસ પહોંચાડવામાં આવે કે તેમાં નિમિત્ત બનવામાં આવે તોય હિંસા ગણાય-એવું જાણનારા-શ્રદ્ધાથી માનનારા શેઠને,પોતાના નિમિત્તે કોઈના પ્રાણ લેવાય તે ક્યાંથી માન્ય હોય? પોતાની કદર્થના-વિટંબણા કરાવવામાં સ્પષ્ટ અભયા જ છે એવું જાણવા છતાં ધર્માત્માના દિલમાં કેવી કરુણા છે? 'દુષ્ટોને દંડ અને શિષ્ટોને સન્માન' આવી રાજ્યનીતિ હોવા છતાં રાણીને માફી આપવા માટે રાજા પાસે સુદર્શને વચન લીધું ! સાચો દયાળુ અને હિતચિંતક તો એ જ ગણાય કે, જે અપરાધીને અને પોતાને પીડા આપનારને ય માફ કરે અને તેના હિતની જ વિચારણા-ચિંતા કરે!

સમગ્ર ચમત્કારિક ઘટનાની જાણ નગરમાં સર્વત્ર થઈ તેમ રાણી અભયાને અને અભયાને છળ-કપટ કરી સુદર્શનને ફસાવવામાં બધી રીતે સહાયક બનનાર પંડિતાને પણ થઈ. બંને ડરી ગયાં! પંડિતા તો નગર છોડી પાટલી પુત્ર નગરમાં રહેલી 'દેવદત્તા' નામની વેશ્યાને ત્યાં પહોંચી ગઈ. જીવોને પાપ કરવું છે, પણ



પાપની સજા જોઈતી નથી. પાપના ફળમાં મળતી પીડા મંજૂર હોતી નથી.અલબત્ત, કદાચ રાજા વગેરેથી તે પાપી બચી પણ જાય..પરંતુ કર્મસત્તાના હાથ-પગ ચૌદે રાજલોકમાં લાંબા પથરાયેલાં છે ! એનાથી બચવું ઈન્દ્ર-ચક્રવર્તી-દેવ-દાનવ-વાસુદેવ, વિદ્યાધર માટેય શક્ય નથી ! બચવા માટે કદાચ એ જીવ મોતનેય ભેટી લે..પરંતુ એને ખબર નથી કે ભવ બદલવા માત્રથી સજાની માફી મળી જતી નથી. રૂપ બદલી નાંખો,સ્થળ બદલી નાંખો..જન્મ નવો લઈ લો. કર્મસત્તા ક્યારેય છોડતી નથી. હા, તેનાથી છૂટવાનો ઉપાય જરૂર છે..તે માટે ભૂલનો - પાપનો સ્વીકાર (આલોચના) અને યોગ્ય ગીતાર્થ ગુરુભગવંત પાસે પ્રાયશ્ચિત્ત (ગુરુ ભગવંતે આપેલા પ્રાયશ્ચિત્તને વહન કરવા માટે દાન-શીલ-તપ-ભાવધર્મનો આશ્રય) લે, તે વહન કરે તો તેની તે પાપથી મુક્તિ શક્ય બને છે. પાપ તો જીવને બાળે જ છે. ધર્મ જ જીવને ઠારી શકે છે. પાપીની પ્રસન્નતાય પાપને વધારનારી (પરંપરા ચલાવનારી) બને છે. ધર્મીની પ્રસન્નતા શાંતિ આપનારી બને છે. પાપી ભલે બહારથી ખુશ જણાતો હોય પરંતુ ભીતરથી તો પાપના ડંખથી દુઃખી જ હોય છે. ભલા ભાઈ ! શરીરમાં રહેલું શલ્ય કોને દુઃખી ન કરે ?

પંડિતા ભલે પલાયન થઈ ગઈ...અભયા રાણીને કોઈ દિશા જ ન મળી. તે તો દિગ્મૂઢ થઈ ગઈ! ડરી ગઈ. હવે મને જ શૂળીની સજા મળશે. મારી તો સુદર્શન કરતાં કંઈગણી વધારે કદર્થના થશે. દુનિયા આખી મારા પર થૂંકશે.રાજાને માયાપૂર્વક જૂઠ બોલી લૂલો બચાવ કર્યો. મારા દંભનો નકાબ ઊતરી જશે.મારું પાપ પ્રગટ થઈ ગયું છે.'હાથના કર્યા જ મને હૈયે વાગ્યાં' કપિલાની સામે મારી બુદ્ધિનો ઘમંડ કર્યો ન હોત, તો આજે મારી આવી કફોડી હાલત ન થઈ હોત! તેને બુદ્ધિહીન-બુદ્ધુ કહેનારી હું જ ગમાર સાબિત થઈ! વળી,એક ગુણવાન ધર્માત્માને ફસાવવાનું કાવતરું મેં કર્યું. તેના યોગે પણ કેવાં ભયંકર પાપો મેં બાંધ્યાં ? મારું શું થશે ? મેં જ મારા પગમાં કુહાડો માર્યો ! હવે મારે કોનો દોષ ગાવો ? કોને વાંક આપવો ? હવે ગમે તેટલા દાવ-પેચ ખેલું, ગમે તેવી બુદ્ધિ દોડાવું, માયાનો આશ્રય લઊં..તો ય બચી શકાય તેમ નથી.

મારી પાસે ઝાઝો સમય પણ નથી. બીજો કોઈ રસ્તો પણ દેખાતો નથી.લોકોને મારું કાળું-કલંકી મોં કઈ રીતે બતાવું ? ધરતી જગ્યા આપે તો તેમાં સમાઈ જાઊં...પણ પાપીને કોણ સહાય કરે ? ધરતી મા પણ પાપીને સાથ ન જ આપે...એમ વિચારી બીજો કોઈ આરો ન રહેતાં તે રાણીએ ગળા-ફાંસો ખાઈને મોતને વ્હાલું કરી લીધું! અલબત્ત, દુનિયાના ખોફથી ભલે તે બચી ગઈ પરંતુ પાપથી તો નહીં જ બચી શકે! પુણ્ય હોય કે પાપ...તેનું ફળ તો અવશ્ય મળે જ છે,

ભલે તે આ લોકમાં મળે કે પરલોકમાં...'!

બીજી તરફ પોતાના સ્વામીનાથના વિજયના સમાચાર, અનશન લઈને કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલી 'મનોરમા'ને મળ્યા. તેણીના હર્ષનો પાર ન રહ્યો.ધર્મ અને ધર્મીની અવહેલનાનું પાપ તો અટકી ગયું...તેનો તેને આનંદ થયો. એટલું જ નહીં, ધર્મનો અને સત્યનો જય જયકાર થઈ ગયો ! શાસનદેવીએ જણાવેલી વાત સાચી થઈ ! દેવતાનું વચન અમોઘ હોય છે. દેવવાણી ક્યારેય નિષ્ફળ ન જાય.

પતિના માથે આવેલું કલંક ઊતરી ગયું. પોતાનો અભિગ્રહ(અનશન) પૂરો થયો. કાયોત્સર્ગ પૂરો કરી, પતિદેવને આવવાની રાહ જોતી તે ગૃહકાર્યમાં પરોવાઈ.

આ બાજુ રાજાએ શેઠનો સંપૂર્ણ સત્કાર કરી, વાજતે-ગાજતે બહુમાન સાથે,શેઠને હાથીની અંબાડી પર બેસાડી તેઓના ઘરે પહોંચાડ્યા! ઘરના આંગણે વિજયયાત્રા પહોંચતાં જ, પ્રસન્નવદનવાળા પ્રાણાધારને જોઈ પ્રમોદ પામતી મનોરમા પતિદેવનાં ચરણોમાં પડી.આર્ય સન્નારીનું આ કર્તવ્ય છે.સંસ્કારી અને ધર્મી સન્નારીના જીવનમાં આવા ગુણો તો સહજ-સ્વાભાવિક હોય છે.

ધર્માત્માઓના ચિત્તમાં આવો વિજય જેટલો આનંદ આપનારો નથી થતો તેના કરતાં વધારે તેના અંતઃકરણને વૈરાગ્ય-વાસિત કરનારો બને છે. જ્ઞાન અને વિવેકદષ્ટિથી જુઓ તો રાગનાં નિમિત્તો શોધવાં પડે છે. દ્વેષનાં નિમિત્તોય પ્રત્યેક ક્ષણે મળતાં નથી..પરંતુ વૈરાગ્યનાં નિમિત્તો તો ડગલે ને પગલે મળતાં જ હોય છે. ભૌતિકદષ્ટિ જ જેના જીવનમાં પ્રધાનપણે હોય તે જીવો વૈરાગ્યનાં નિમિત્તોને રાગ યા દ્વેષનાં નિમિત્તોમાં ખપાવે છે. જ્યારે અધ્યાત્મપ્રધાન અંત-કરણવાળા જીવો રાગ-દ્વેષનાં નિમિત્તોને વૈરાગ્યમાં પલટે છે. મતલબ,તેના આલંબનથી વૈરાગ્યથી વાસિત બને છે. રાગ-દ્વેષ કરાવનારા વિષયજન્ય નિમિત્તોને પણ જો પૂર્વાપર અવસ્થાપૂર્વક વિચારવામાં આવે તો તે જ નિમિત્તો વૈરાગ્યનું પ્રબળ કારણ પુરવાર થાય. માટે જ જગતમાં કહેવાય છે કે-'જેવી દૃષ્ટિ(વિચાર)તેવી સૃષ્ટિ' અહીં દૃષ્ટિનો અર્થ માત્ર નજર નથી કરવાનો. પદાર્થને જોવાની પદ્ધતિ અર્થાત્ પદાર્થને મૂલવવાની દૃષ્ટિ એવો કરવાનો છે.

આ વાતને સારી રીતે સમજવા માટે શાસ્ત્રમાં એક વાર્તા આવે છે. રસ્તામાં એક ઘરેણાંથી ભરેલાં શરીરવાળી રૂપવતી સ્ત્રી મૃત્યુ પામેલી હાલતમાં પડી છે. ત્યાંથી એક કામી માણસ પસાર થયો.તેની નજર એ સ્ત્રીના યૌવન, લાવણ્ય,રૂપ વગેરે ઉપર પડી.શું વિચાર કર્યો? જો અહીં કોઈ ન હોય તો ભોગવવા જેવી આ સ્ત્રી છે.

ત્યારબાદ ત્યાંથી એક ચોર પસાર થયો.તેણે વિચાર કર્યો...જો આ રસ્તેથી



માનવોની અવર-જવર ન થતી હોત તો દાગીના ચોરી લેવાની મજા આવત.

ત્યારબાદ તે જ રસ્તેથી એક સંન્યાસી પસાર થયા. શું વિચાર આવ્યો હશે ? ઓહો ! આવી યુવતી,રૂપ-શૃંગાર વગેરે બધું જ હોવા છતાં કેવી ક્ષણ ભંગુરતા ? મૃત્યુ ગમે ત્યારે, ગમે તેને ઉપાડી લે છે. દેહનો કોઈ ભરોસો નથી.ધન-માલ-દાગીના આવા સમયે શું કામ આવે છે? દશ્ય એકનું એક હોવા છતાં નજર-નજરમાં ફરક છે. તેના કારણે શોચ પણ વિભિન્ન હોય છે. કારણ,દરેકની દૃષ્ટિમાં વિચારવા માટેનાં દૃષ્ટિકોણ જુદાં હોય છે.

મોહના ઘર ગણાતા અરિસાભવનમાં ભરત મહારાજા કેવળજ્ઞાન કઈ રીતે પામ્યા? તેનો જવાબ એ જ મળશે કે-સ્થાન એ જ હતું. અવાર-નવાર આવવાનું થતું હતું પણ રોજ કરતાં આજની દૃષ્ટિ-શોચ ભિન્ન હતી. રાગનું માધ્યમ હોવા છતાં વિચારણા વૈરાગ્યની આવી. રાગાદિ મોહની જગ્યા આજે ભાવનાએ લીધી..ને પરિણામમાં કેવળજ્ઞાન મળ્યું!

હનુમાનને સૂર્યાસ્તનું દશ્ય જોવા મળ્યું. ઘણીવાર આ દશ્ય તો જોયું જ હતું..આજે કોઈ નવું નહોતું. પરંતુ આજે આ દશ્યને જોવાની-મૂલવવાની દૃષ્ટિ બદલાઈ ગઈ. દૃષ્ટિમાં તમે ઝેર પણ ભરી શકો છો અને અમી-અમૃત પણ.

ચંડકૌશિક સાપની વાત વિચારો. વીરપ્રભુને જ્યારે ડંખ દીધો ત્યારે ભગવાનને દુશ્મનની દૃષ્ટિથી જોયા. લોહીની જગ્યાએ દૂધ જોયા પછી દૃષ્ટિમાં પરિવર્તન આવી ગયું! એ દૃષ્ટિના યોગે જ નરકમાં જવાને બદલે તે સ્વર્ગમાં પહોંચી ગયો! દૃષ્ટિમાં મોટું પરિવર્તન લાવવાની શક્તિ છે. આનો અર્થ એ છે કે-સૃષ્ટિમાં પરિવર્તન લાવવી ભલે માનવના ગજા બહારની વસ્તુ હોય પણ તેની તુલના કરવાની વિચારધારામાં બદલાવ-સાચી શોચ દ્વારા એ સૃષ્ટિમાંથી સાચો બોધ લઈને પોતાની ખોટી માન્યતામાં પરિવર્તન લાવી શકે છે. પોતાની નજરમાં જ્યારે સમ્મગ્ જ્ઞાન ભળે છે,તે જ્ઞાનના આધારે તે પદાર્થ-સૃષ્ટિના ભૂત-ભવિષ્યનો વિચાર આવે છે ત્યારે,પોતાના જ ભૂતકાળને બદલવાનો નિરધાર આવે છે. એટલે કે પોતે ભૂતકાળમાં કરેલી ક્ષમ્ય-અક્ષમ્ય ભૂલો પ્રત્યે સજાગ બનીને ભવિષ્યમાં એ ભૂલોનું પુનરાવર્તન ન કરવાના દઢ સંકલ્પ સાથે સન્માર્ગે પ્રગતિ કરે છે!

આનો અર્થ એ થયો કે **'દશ્ય' કરતાં શાસ્ત્રકારો 'દૃષ્ટિ' પર વધારે ભાર મૂકે છે.** માટે જ તો ઠેર ઠેર 'સમ્યગ્દષ્ટિ' શબ્દનો પ્રયોગ શાસ્ત્ર અને જ્ઞાની ભગવંતો દ્વારા થતો જોવા મળે છે. મનને જ્ઞાની ભગવંતો બંધ અને મુક્તિનું કારણ ગણે છે, તેમાં પણ વિચાર એટલે દૃષ્ટિ જ કામ કરે છે. દશ્ય ગમે તે હોય; જો આપણે દૃષ્ટિને સમ્યગ્ બનાવી દઈએ તો એમાંથી પણ લાભ મેળવી શકીએ છીએ.ફાયદો ઉઠાવી

શકીએ.ગુણાનુરાગી જીવ ગમે તેટલાં દોષોવાળા દશ્યમાંથી ગુણ શોધી લે છે. કૃષ્ણ મહારાજાને કૂતરીના સડેલા શબમાંય 'ઉજ્વળ દાંત' દેખાયા.આ દષ્ટિનો જ પ્રભાવ હતો.

**(ક્રમશઃ) ધ**

## ★ લોકપ્રકાશના ભાવો, લોકભોગ્ય ભાષામાં.. ★★★

**ગૌતમદ્વીપ :**

સુમેરુપર્વતથી  પશ્ચિમદિશામાં,જંબૂદ્વીપની જગતીથી લવણસમુદ્રમાં બાર હજાર યોજન આગળ જતાં ,૧૨૦૦૦ યોજનનો લાંબો-પહોળો,સુસ્થિત દેવના સ્થાનરૂપ ગૌતમદ્વીપ શોભે છે. આ દ્વીપની પરિધિ ૩૭૯૪૮ યોજન છે.લવણસમુદ્રની શિખાની દિશા તરફ પાણીથી બે કોશ ઊંચો આ પર્વત છે.

ગૌતમદ્વીપ વનખંડ અને પદ્મવેદિકાથી ચારેબાજુ શોભાયમાન છે. દ્વીપની મધ્યમાં રત્નના ૧૦૦ થાંભલાવાળું ક્રીડાવાસ નામનું ભૂમિ-ભવન છે. આ ભવન ૬૨ યોજન અને બે કોશ ઊંચું છે. ૩૧ યોજન એક કોશ પહોળું છે. આ ભવનના મનોહર મધ્યભાગમાં એક મોટી સુંદર મણિપીઠિકા છે. તેની લંબાઈ અને પહોળાઈ એક એક યોજન છે. ઊંચાઈ અડધો યોજન છે. એ મણિપીઠિકાની ઉપર સુસ્થિત દેવની દૈવી શય્યા છે.

**સુસ્થિત દેવનો પરિવારઃ**

સારી રીતે નિવાસ કરતો સુસ્થિત નામનો દેવ લવણસમુદ્રનો નાયક ગણાય છે. ચાર હજાર સામાનિક દેવો તેનાં ચરણોની સેવા કરે છે. સ્વ-સ્વ પરિવાર યુક્ત અને સુંદર કાંતિવાળી પટ્ટાભિષિક્ત દેવીની સંખ્યા ચાર છે. ત્રણે પર્ષદા, સાત સૈન્ય, સાત સેનાધિપતિ, ૧૬૦૦૦ અંગરક્ષક દેવો તથા બીજાદેવો પણ છે. મતલબ ત્યાં ઘણાં દેવ-દેવીઓ તેની આજ્ઞા પાળી રહ્યા છે.

લવણસમુદ્રમાં રત્નદ્વીપ વગેરે છે. તે દ્વીપોના અધિપતિ દેવો અને દેવીઓ પણ આ સુસ્થિતદેવને વશ છે,આધીન છે.

આ સુસ્થિતદેવની રાજધાની ગૌતમદ્વીપની પશ્ચિમદિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્રો વટાવ્યા પછી આવેલા લવણસમુદ્રમાં તિર્ચ્છા ૧૨૦૦૦ યોજન ગયા બાદ આવે છે. સ્વરૂપથી વિજયરાજધાની જેવી છે.

**સૂર્યદ્વીપ-ચંદ્રદ્વીપઃ**

મેરુપર્વતથી પશ્ચિમદિશામાં, જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર ગયા બાદ ચાર સૂર્યદ્વીપ આવેલા છે. તેમાં બે દ્વીપ જંબૂદ્વીપની અંદર ફરનારા સૂર્યના છે,બે દ્વીપો લવણસમુદ્રની વચ્ચેની જે પાણી શિખા, તેના પહેલાં



ફરનારા સૂર્યના છે.

મેરુપર્વતથી પૂર્વદિશામાં જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન ગયા બાદ ચાર ચંદ્રદ્વીપો આવેલા છે. તેમાં પણ બે જંબૂદ્વીપમાં ફરનારા ચન્દ્રના છે અને બે લવણસમુદ્રની શિખા અને જંબૂદ્વીપની જગતી વચ્ચે ચરનારા ચન્દ્રના છે.

તે જ રીતે ધાતકીખંડની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જંબૂદ્વીપ તરફ (અથવા લવણસમુદ્રની શિખા તરફ)આવતાં જંબૂદ્વીપના મેરુપર્વતથી પશ્ચિમદિશામાં આઠ સૂર્યદ્વીપો છે. તે મહાતેજસ્વી દીપક જેવા દેખાય છે.

આ આઠ સૂર્યદ્વીપોમાં પણ લવણસમુદ્રની પાણીની શિખાના પાછળના ભાગમાં ચરનારા બે સૂર્યોના છે. અને બાકીના છ દ્વીપો ધાતકી ખંડના પૂર્વાર્ધના પ્રકાશક સૂર્યોના છે.

આ જ રીતે ધાતકીખંડની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨,૦૦૦યોજન ગયા બાદ,જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વ દિશામાં આઠ ચંદ્રદ્વીપો આવેલા છે. તેમાં બે ચન્દ્રદ્વીપ લવણસમુદ્રની શિખાની બહારના પ્રદેશમાં ફરનારા ચન્દ્રના છે. જ્યારે છ દ્વીપો ધાતકીખંડના પૂર્વાર્ધમાં ફરનારા છ ચન્દ્રના છે. સૂર્ય-ચંદ્રના મળી ૨૪ દ્વીપો છે. આ ૨૪ દ્વીપો પ્રમાણાદિથી બધી રીતે ગૌતમ દ્વીપ જેવા જ છે.

ગૌતમદ્વીપમાં ભૂમિ-ભવન હતાં. અહીં શ્રેષ્ઠ પ્રાસાદો છે. દરેક દ્વીપમાં એક-એક પ્રાસાદ છે. માપ ગૌતમદ્વીપના ભવન સમાન છે. દરેક પ્રાસાદમાં એક-એક-એક સિંહાસન છે. તેના ઉપર ચન્દ્ર અને સૂર્ય આધિપત્ય ભોગવે છે.

સુસ્થિતદેવની જેમ સામાનિક આદિ દેવોથી સેવા કરાતા એવા આ ચન્દ્ર અને સૂર્ય અનુક્રમે એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ અને એક હજારવર્ષ અધિક એક પલ્યોપમના આયુષ્યવાળા છે. આ સૂર્ય-ચન્દ્રની રાજધાનીઓ પણ આગળ જણાવ્યા પ્રમાણે પછીના લવણસમુદ્રમાં છે અને તે સુસ્થિતદેવની રાજધાની સમાન છે.

આ લવણસમુદ્રમાં ૪ વેલંધરપર્વત, ૪ અનુવેલંધરપર્વત,૧૨ ચન્દ્રના દ્વીપો, ૧૨ સૂર્યના દ્વીપો, એક ગૌતમદ્વીપ અને ૫૬ અતંર્દ્વીપ મળી કુલ ૮૧ દ્વીપો રહેલા છે. બીજા રત્નદ્વીપ વગેરે દ્વીપો પણ છે.

અઢી દ્વીપમાં ચર(ફરતા)જે ચન્દ્ર-સૂર્ય છે,તે બધા સમશ્રેણિએ ફરે છે. આગળ-આગળના ક્ષેત્રનો વિસ્તાર અધિક હોવાથી,આગળ આગળના ચન્દ્ર-સૂર્યની ગતિ વધારે છે. (તો જ સમશ્રેણિએ ફરી શકે.)આમ હોવાથી સર્વ ચન્દ્ર-સૂર્યો મંડલાંતરના સંચારમાં,અયનમાં અને દિવસની હાનિ-વૃદ્ધિમાં(દિવસ-રાત નાના-

મોટા થવામાં)જંબૂદ્વીપના ચન્દ્ર-સૂર્યને અનુસરે છે.

લવણસમુદ્રમાં ફરનારા ચન્દ્ર-સૂર્યનાં વિમાનો ઊર્ધ્વ પ્રકાશવાળા હોય છે. તેથી લવણસમુદ્રની શિખામાં પણ એ પ્રકાશ ચારે બાજુ ફેલાય છે. બાકીના તમામ દ્વીપ-સમુદ્રના વિમાનોનો પ્રકાશ નીચે ફેલાય છે.

લવણ સમુદ્રમાં ચાર સૂર્ય અને ચાર ચન્દ્ર છે. ૧૧૨ નક્ષત્રો છે. ૩૫૨ ગ્રહો છે. જયારે તારાની સંખ્યા ૨,૬૭,૯૦૦ કોડાકોડી છે. (એક ચન્દ્રના પરિવારમાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્ર અને ૬૬,૯૭૫ કોડાકોડી તારા છે. અહીં ચાર ચન્દ્ર હોવાથી તમામ આંકડાને ચારથી ગુણવાથી જવાબ મળી જશે.)

લવણ સમુદ્ર-કાલોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્રમાં ઘણાં માછલાં, મગરમચ્છ અને કાચબા વગેરે જળચર જીવોની અનેક જાતિઓ છે. તેમાં લવણ સમુદ્રમાં મત્સ્યોની કાયા ઉત્સેધ આંગળના માપથી ૫૦૦ યોજનની, કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજનની અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧૦૦૦ યોજનની હોય છે. આ ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. આ ત્રણ સિવાય બાકીના સમુદ્રોમાં માછલાં અલ્પ હોય છે. (યોગ શાસ્ત્રના ચોથા પ્રકાશમાં ઉપરોક્ત ત્રણ સમુદ્ર સિવાય બાકીના સમુદ્રોમાં મત્સ્યાદિ ન હોય તેમ જણાવેલ છે. તત્ત્વ કેવલી ભગવંત જાણે.) ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

**- શ્રી ધર્મમિત્ર**

ગુજરાતના ગૌરવસ્થળ સમી અને જિનમંદિરો-જૈનોથી શોભતી પાટણનગરી. તે સમયે પરમાર્હત્ કુમારપાળ મહારાજાનું પ્રતાપી રાજ્ય ચાલતું હતું. રાજા માત્ર રાજ્ય માટે જ પ્રતાપી નહોતા, સાથે સાથે ધર્મ કરવામાં એટલા જ પ્રતાપી હતા. રોજ તેઓ બે-બે સામાયિક કરતા. સંખ્યાબંધ શ્રાવકો સાથે પૂજા-ભક્તિ કરતા હતા. સ્વાધ્યાય પણ એવો જ કરતા.

જયારે તેઓ સ્નાત્ર-પૌષધ આદિ કરતા ત્યારે એક હજાર આઠસો શ્રેષ્ઠીઓ તેમની સાથે સહાયમાં રહેતા. સામાન્ય સ્થિતિમાં રહેલા એ શ્રાવકોને શ્રેષ્ઠી બનાવનાર આ કુમારપાળ રાજા જ હતા. મતલબ,એમને આર્થિક રીતે સુખી બનાવનાર રાજા કુમારપાળ હતા,તેમ ધર્મમાં પણ આગળ વધારનાર તે જ રાજા હતા. શ્રાવકો પાસેથી દર વર્ષે લેવાતો ૭૨ લાખનો કર રાજાએ માફ કરી દીધો હતો! જીવમાત્ર પર દયાની પ્રતિષ્ઠા કુમારપાળ રાજાના હૃદયમાં ગુરુ ભગવંતે એવી કરી હતી કે જેના કારણે તથા સાધર્મિકભકિતની વાત દિલમાં એવી ઠસાવી



દીધી હતી કે-તેના પ્રભાવે જીવદયા-ભક્તિ માટે બધું જ જતું કરવા તે તૈયાર હતા.

નબળી સ્થિતિવાળો કોઈપણ સાધર્મિક આવે તો તેને આ રાજા એક હજાર દીનાર આપતા. એ પ્રમાણે દર વર્ષે એક કરોડ રૂપિયાનો સદ્વ્યય તો માત્ર સાધર્મિક ભકિતમાં કરતા. આવા ધર્મમાર્ગે ૧૪ વર્ષ કુમારપાળનાં વીત્યાં...તેથી તે જમાના પ્રમાણે ચૌદ કરોડ રૂપિયા તો માત્ર સાધર્મિક પાછળ વાપર્યા. એ રીતે વિચારીએ તો સાતે ક્ષેત્ર -જીવદયા-વગેરે કોઈ ક્ષેત્રમાં કમીના નથી રાખી.કરોડોનું સુકૃત કર્યું હતું.

એકવાર એક માહેશ્વરી વાણિયાએ દાણચોરી કરી. આ વાતની જાણ તેના અધિકારીને થઈ. દુષ્ટોને દંડ અને સજ્જનોનું સન્માન એ સારા રાજ્ય-રાજાની નિશાની છે. તેથી તે વાણિયાને દોરડાથી બાંધીને માર મારતાં તેને રાજાકુમારપાળ પાસે હાજર કર્યો. વાણિયાને લાગ્યું કે હવે જીવવાનો બીજો કોઈ જ ઉપાય નથી. બુદ્ધિથી માર્ગ શોધવા લાગ્યો. એક રસ્તો-ઉપાય મળી ગયો.તેને યાદ આવ્યું કે-શ્રાવકો જિનેશ્વર દેવની પૂજા કરવાના સમયે ઉદર-ઉરસ્થળ-કંઠ-કપાળ-કાને - તિલક કરે છે. આ વાણિયાએ પણ જતી વખતે તેવાં જ કેસરમિશ્રિત ચંદનનાં તિલક કરી લીધાં.

રાજા પાસે એ વણિક - ગુનેગારને હાજર કરતાં રાજસેવકોએ કહ્યું : હે પૃથ્વીપતિ ! આ વણિકે રાજ્યના નિયમોનું ઉલ્લંઘન કરીને દાણચોરી કરી છે. હવે તેને કઈ સજા કરવી? એક બાજુ આ ગુનેગાર સજાના ભયથી કાંપી રહ્યો છે. બીજી બાજુ રાજાની નજર તેના મુખ ઉપર ગઈ.કોણ છે ? તેના કપાળ પર નજર જતાં જ રાજાએ વિચાર્યું : આ તો વીતરાગ પરમાત્માની ભક્તિ કરનારો શ્રાવક જણાય છે. શ્રાવકનો કર (ટેક્ષ) લેવાનાં મારે પચ્ચક્ખાણ છે. આ કારણે આ શ્રાવક નિરપરાધી છે, આમ વિચારી રાજાએ તેને બંધનોથી મુક્ત કરાવ્યો. દ્રવ્યથી માત્ર તિલક કરવાથી પણ કેટલો લાભ થયો ? શ્રાવક ન હોવા છતાં શ્રાવક માનીને રાજાએ તેને મુક્ત કરી દીધો. ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

પૂજયપાદ સમ્યગ્જ્ઞાનદાતા ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના પરમકૃપા પાત્ર પટ્ટધર,આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ, સન્માર્ગરક્ષક પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્ય દર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૩ તથા પૂ.પ્ર.સાધ્વીજી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ની નિશ્રામાં

ચાતુર્માસની આરાધના ખૂબ સુંદર ચાલી રહી હતી. પર્વાધિરાજ શ્રી પર્યુષણાની આરાધના,શાહીપારણાં, શાનદાર ઐતિહાસીક - શાસનપ્રભાવક રથયાત્રા(વરઘોડો)છ-છ ટાઈમ સાધર્મિકવાત્સલ્ય વગેરે થયા બાદ આસો માસની શાશ્વતી ઓળી આવી ગઈ.

શાહ રાયચંદ ભોજરાજ ભાટે પરિવાર દ્વારા શ્રીસંઘના ઉપક્રમે શાશ્વતી ઓળી સમૂહમાં કરાવાઈ. લગભગ ૨૧-૨૨ ઓળી(નાના ગામમાં) થઈ. છૂટાં આયંબિલ તો ઘણાં થયાં. દરેક ઓળીવાળાને રૂ.૨૬૦ની પ્રભાવના તથા ઓળી કરાવનાર તરફથી પિત્તમની વિશિષ્ટ દીવી આદિની પ્રભાવના થઈ. છૂટક પ્રભાવનાઓ પણ ઘણી થઈ હતી.

આસો સુ.૭-૮-૯ ત્રણ દિવસ શ્રુતાધિષ્ઠાયિકા શ્રી સરસ્વતીદેવીનું અનુષ્ઠાન કરાવાયું. સંઘના ઘણા પુણ્યશાળીઓ જોડાયા.પૂ.સાધ્વીજી પદ્મનંદિતાશ્રીજી મહારાજે અઠ્ઠમ કરી સવા લાખનો જાય કર્યો હતો.

**તપસ્વી મુનિવરનો સ્વર્ગવાસઃ** હિંદી સાહિત્યકાર પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયરત્નસેનસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી અને વેયાવચ્ચ પ્રેમી **પૂ.મુ.શ્રીકેવલરત્નવિજયજી મ.** આસો વ.૪ તા.૧૩-૧૦-૨૦૨૨ ગુરુવાર બપોરે ૧-૩૦ કલાકે સમાધિમય કાળધર્મ પામ્યા. તેઓ છેલ્લા દોઢ વર્ષથી,તેઓશ્રીના ગુરુદેવના કહેવાથી પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મ. પાસે હતા. છેલ્લાં બે વર્ષથી તે ઓ આયંબિલ જ કરતા હતા. ૮૯ વર્ધમાનતપની ઓળી પૂરી કરી હતી. ૯૦મીઓળીનાં ૨૧ આયંબિલ થયા બાદ શ્વાસની તકલીફ, અશક્તિ વગેરેના કારણે ઓળીના પારણે એટલે કે આસો વ. ૧ ના પારણું કરેલ. તબિયતમાં સુધારો હતો..તેવામાં અચાનક હાર્ટએટેક આવતાં કાળધર્મ પામ્યા!

તેઓ નિર્દોષ ગોચરીના આગ્રહી હતા. જ્ઞાનનો ક્ષયોપશમ ઓછો હતો પણ ગ્લાનાદિ મુનિવરોની સેવા કરવાના રસવાળા હતા. કોઈ પણ જાતની શૂગ વગેરે વગર; ભાવથી સેવા-ભક્તિ કરતા. ત્રણે ટાઈમ જિનાલયમાં જઈ દેવવંદન કરતા. સ્વાધ્યાય વગેરે નિયમિત કરતા. બાળકોને સૂત્રાદિ ભણાવવામાં રુચિવાળા હતા. પૂ.આચાર્યભગવંતની પડિલેહણ, સ્થંડિલ- માત્રું પરઠવવાની ક્રિયા મોટે ભાગે તેઓ જ કરતા હતા. શ્રાવકોને પાપનાં પચ્ચક્ખાણ કરવાની, વ્રત નિયમની પ્રેરણા કર્યા કરતા.

મસૂરમાં મુનિવરના કાળધર્મનો પ્રસંગ પ્રથમવાર જ હતો. પરંતુ કાર્ય કરવાનો ઉત્સાહ ખૂબ જ હતો.બધા જ ભાગ્યશાળીઓ પોતપોતાનાં કાર્યમાં લાગી ગયા.



પૂ.આચાર્યભગવંતે મહાપારિઠાવણિયાની વિધિ કરી પાર્થિવ દેહ શ્રીસંઘને સોંપ્યો.શ્રીસંઘે સ્નાનાદિ વિધિ પતાવી નવાં વસ્ત્રો પરિધાન કરાવી મુનિશ્રીના પાર્થિવ દેહને દર્શનાર્થે હોલમાં પધરાવ્યો. ગામના જૈનો-અજૈનો દર્શનાર્થે આવવા લાગ્યા. કરાડના પણ કેટલાક પુણ્યશાળીઓ સાંજે, રાત્રે સમાચાર મળતાં દર્શનાર્થે આવ્યા હતા. ગામમાં અજૈનોને ત્યાંય મુનિવર ગોચરી જતા હોવાથી તેઓ આવીને કહેવા લાગ્યાઃ અમારો ગોચરીનો લાભ બંધ થઈ જશે. આંખમાં આંસુ સાથે સહુ શોકગ્રસ્ત બન્યા.

જોત-જોતામાં કારીગર-મિસ્ત્રીને બોલાવી લાકડાં વગેરે મંગાવીને ભવ્ય જરિયાન પાલખી તૈયાર કરાવી દીધી. કેટલાક પુરુષો આખી રાત ત્યાં જ બેઠા. સવારે પણ દર્શન માટે લાઈન લાગી. સમાચાર મળતાં જ મુનિશ્રીનાં સંસારી માતા-ભાઈઓ-ભાભી આદિ મુંબઈ વગેરેથી આવી ગયાં.

કરાડ-કોલ્હાપુર-કોરેગાંવ-નિપાણી-મુધોળ-કાસેગાંવ-રહિમતપુર-વગેરે ગામોમાં સમાચાર પહોંચતા ઘણાં ગામોમાંથી ભાગ્યશાળીઓ આવવા લાગ્યા. સારી સંખ્યા ઉપસ્થિત થઈ ગઈ. પૂ.આ.ભ.શ્રીના લઘુ-માર્મિક પ્રવચન થયા બાદ અંતિમયાત્રાની બોલી બોલાઈ. પૂ.આ.ભ.શ્રીની પ્રેરણા હતી કે 'મુનિવરના તમે બધા જ સગા ગણાઓ, બધા જ લાભ લઈ શકે..' તેના પ્રભાવે ઉછામણી સારી થઈ.સાથે જીવદયા તથા મહોત્સવની પણ ટીપ થઈ. બધાએ ઉત્સાહથી લાભ લીધો.

લગભગ દોઢ વાગ્યા બાદ મુનિવરના પાર્થિવદેહને પાલખીમાં પધરાવવા વગેરે કાર્યો ચાલું થયાં. જે તે લાભાર્થીનાં નામોની યાદી નીચે આપી છે. અગ્નિસંસ્કારનો લાભ મુનિશ્રીનાં સંસારી પરિવારને અપાયો હતો.'જય જય નંદા, જય જય ભદ્દા'ના મંગલ નાદ સાથે પાલખીયાત્રા નીકળી હતી.ગામના રાજમાર્ગો પર લગભગ દોઢ-બે કિ.મી. ફરીને આર.બી. લોનના કંપાઉન્ડમાં ગોઠવેલા ઓટલા પર પાર્થિવદેહને અગ્નિદાહ અપાયો.ઘણા ભાગ્યશાળીઓએ ચંદનના કાષ્ટ અર્પિત કર્યાં હતાં. સાંજે- રાત્રે ઘણો વરસાદ આવવા છતાં સવાર સુધી અગ્નિ રહ્યો હતો ! બીજે દિવસે ફૂલ (હાડકાં)નદીમાં પધરાવવાની વિધિ ગામના-શ્રીસંઘના શ્રાવકોએ કરી હતી.મુનિશ્રીના ૨૦ વર્ષના સંયમજીવનની અનુમોદનાર્થે તથા સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે કા.સુદમાં મહોત્સવ યોજવાનું નક્કી થયું.

**દિવાળીપર્વની આરાધના :** પર્યુષણાપર્વ પછી પૂજ્ય ગુરુદેવની પ્રેરણા હતી કે- 'દિવાળીના છઠ્ઠ કરવા જોઈએ તેનું ફળ એક લાખ ક્રોડ છઠ્ઠ જેટલું મળે છે..' નાના ગામમાં લગભગ ૩૬ છઠ્ઠ થયા! તેરસ-ચૌદસના છઠ્ઠ કરનાર તમામ તપસ્વીઓનાં

પારણાં શ્રીસંઘમાં સામુદાયિકરૂપે કરાવાયાં હતાં. તેનો લાભ શા.રાયચંદ ભોજરાજ ભાટે પરિવારે લીધો હતો. અમાસને દિવસે પારણાં કરાવાયાં હતાં. ચૌદસના સાંજે(દિવાળીને દિવસે) ભગવાન મહાવીરપ્રભુના ૭૨ વર્ષના જીવનને ધ્યાનમાં રાખી ૭૨ સાથિયા,૭૨ ફળ, ૭૨ નૈવેદ્ય તથા સવા પાંચ કિલો બુંદીનો નિર્વાણમોદક અને સવા લાખ અખંડ ચોખાનો સાથિયો,૭૨ દીવાની આરતી વગેરે કાર્યક્રમ યોજાયો હતો. સમૂહમાં સ્તુતિ-ચૈત્યવંદનાદિ થયેલ. નિર્વાણ મોદક,સવા લાખ અક્ષતનો સાથિયો,૭૨દીવાની આરતી,મંગળદીવો વગેરેના ચઢાવા બોલાયા હતા. પૂ.આચાર્યભગવંતે નિર્વાણ કલ્યાણકની સંવેદના કરાવી હતી. રાત્રે દેવવંદન કરાવાયાં હતાં.

**નૂતનવર્ષનું માંગલિક :** વિ.સં.૨૦૭૯ની સાથે વીર સં.૨૫૪૯ના પ્રારંભદિને એટલે કે બેસતા વર્ષે(કા.સુ.૧ તા.૨૬-૧૦-૨૦૨૨) બુધવાર સવારે ૬-૩૦ કલાકે નવસ્મરણ તથા ગૌતમસ્વામીના રાસનું શ્રવણ પૂજ્યશ્રીએ કરાવેલ.

**ત્રિદિવસીય જિનભક્તિ-ગુરુભક્તિ મહોત્સવઃ** તપસ્વી પૂ.મુનિવરશ્રી કેવલરત્નવિ.મ.ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે કા.સુ.૧ તા.૨૬-૧૦-૨૨ થી કા.સુ.૩ તા.૨૮-૧૦-૨૨ ના મહોત્સવનું આયોજન થયું હતું.

કા.સુ.૧ બુધવારે નૂતનવર્ષ હોવાથી શ્રીગૌતમ સ્વામીનું પૂજન- અનુષ્ઠાન રાખવામાં આવેલ.નકરા-ચઢાવાથી તેના લાભ અપાયા હતા.વિધિ માટે (ત્રણે દિવસ) તળેગાંવથી મોહનભાઈ પધાર્યા હતા. પટમંદિરમાં પ્રતિષ્ઠિત શ્રીગૌતમસ્વામીના આલંબને જ પૂજન -અનુષ્ઠાન કરાવાયું હતું,તેથી બધાને ભાવોલ્લાસ સારો હતો.અંતે ધૂપની પ્રભાવના થઈ હતી.

કા.સુ.૨ તા.૨૭-૧૦-૨૨ ગુરુવારે સવારે ૧૦-૦૦ કલાકે ૧૦૮ શ્રીપાર્શ્વનાથ અભિષેક પૂજન(અનુષ્ઠાન) ભણાવાયું. તેના પણ આદેશો નકરા-ચઢાવાથી અપાયા હતા. અંતે રૂ.૨૦ ની પ્રભાવના અપાઈ હતી.

કા.સુ.૩ તા.૨૮-૧૦-૨૨ શુક્રવારે સવારે ૧૦-૦૦ કલાકે ૧૭ ભેદી પૂજા ભણાવાઈ. અંતે રૂ.૩૦ની પ્રભાવના થઈ.

ત્રણે દિવસ વિશિષ્ટ અંગ રચના થયેલ.સંગીત અને વિધિ : બંનેનું કાર્ય મોહનભાઈએ નિભાવ્યું હતું. ત્રણે દિવસ મુનિવર શ્રી કેવલરત્ન વિ.મ.નાં સંસારી માતુશ્રી -ભાઈઓ-ભાભીઓ વગેરે આવેલ.બધાએ ત્રણે દિવસ ભક્તિનો આનંદ માણ્યો.

ચારે મહિના શ્રીસંઘે રસોડું કરેલ. ઘણા મહેમાનોની અવર-જવર રહેતી હતી. રહેવાની વ્યવસ્થા રાયચંદ ભોજરાજ ભાટેના મંગલકાર્યાલયમાં; નિઃશુલ્ક



તે પરિવારે કરી હતી.

**ચાતુર્માસ પરિવર્તન :** ચાતુર્માસ પરિવર્તન માટે લગભગ દશેક વિનંતિઓ આવી હતી.તેમાં શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ કટારિયા-પરિવારની વિનંતિનો પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો હતો. તે પરિવારે તન-મન-ધનથી-ઉલ્લાસથી ચાતુર્માસ પરિવર્તન કરાવ્યું. સકલ સંઘની ઉત્તમ દ્રવ્યોથી નવકારશી - ભક્તિ કરી.સવારે પટમંદિરમાં શત્રુંજયનાં પટ જુહારવા પૂર્વક વાજતે - ગાજતે નગરના રાજમાર્ગો થઈ લાભાર્થી પરિવારના ગૃહાંગણે શ્રમણ-શ્રમણી ભગવંતો સહિત સંઘ પધાર્યો. ત્યાં બાંધેલ શમિયાણામાં મંગલ પ્રવચન થયું. ગુરુપૂજન, સંઘપૂજનાદિ થયેલ. ગામના આગેવાનો-રાજનેતાઓ પણ આશીર્વાદ લેવા આવ્યા હતા ! પૂજ્યશ્રીનો પ્રભાવ આખા ગામમાં ફેલાયો હતો.પૂજ્યશ્રી ત્યાંના સ્થાનિકો સાથે મરાઠીમાં વાત કરતા હોવાથી વિશેષ પ્રભાવિત થતા.ચોમાસામાં પણ ઘણા જૈન-અજૈન આગેવાનો આશીર્વાદ માટે આવતા હતા,જેમાં સ્થાનિક ઉપરાંત આજુબાજુના ગામો-શહેરોનો પણ સમાવેશ થતો હતો.તપસ્વી મુનિવર શ્રી કેવલરત્ન વિ.મ.ના અંતિમસંસ્કાર (યાત્રા) સમયે **લાભ લેનારની યાદી.**

- મુનિવરના પાર્થિવદેહને પાલખીમાં પધરાવવાનો લાભ : શ્રીમતી બદામીબેન ભીમચંદજી નાણેશા. મુધોળવાળા - કોલ્હાપુર
- વિલેપન કરવાનો લાભ : બદામીબેન ભીમચંદજી નાણેશા
- ગુરુપૂજનનો લાભ : શ્રીમતી ફુટરીબેન મેઘરાજજી બલદોટા-સેલવાસા.
- આગળની જમણી કાંધ : દીપકભાઈ વાડીલાલ શાહ-કરાડ
- આગળની ડાબી કાંધઃ ભબુતમલજી સૂરજમલજી સંઘવી-કોલ્હાપુર
- પાછળની જમણી કાંધ : કમલવાડી પરિવાર- કરાડ.
- પાછળની ડાબી કાંધઃ શા.શાંતિલાલજી સોગાલાલજી રામસીના-મસૂર
- ધુપિયું નં.૧ શા.સોગાલાલજી લખમાજી રામસીના - મસૂર
- ધુપિયું નં.૨ શા.બાબુલાલજી વીરચંદજી કટારિયા - મસૂર
- ધુપિયું નં.૩ શ્વે.મૂ.જૈન સંઘ- જયસિંગપુર
- ધુપિયું નં.૪ શા.બાબુલાલ રામચન્દ્ર - સાંગવી
- લોટી નં.૧ શા. સંઘવી ભબુતમલજી લાલાજી - મસૂર- કરાડ
- લોટી નં.૨ વિહાર સેવા ગ્રુપ - કરાડ
- લોટી નં.૩ વિહાર સેવા ગ્રુપ - કોરેગાંવ
- લોટી નં.૪ મુ.શ્રીકેવલરત્નવિ.મ.નો સંસારી મિત્રપરિવાર

- લોટી નં.૫ મુક્તાબેન દેવચંદ સાવલા - બેંગલોર

- દોણી શા. અતુલભાઈ હિંમતલાલ - મસૂર

- અનુકંપાનો લાભ : સંઘવી ગુલાબચંદજી જેસાજી પરિવાર - કોલ્હાપુર

- અગ્નિસંસ્કારનો લાભ તેમના સંસારી પરિવારને આપવામાં આવ્યો હતો. દીવાળીના છઠ્ઠ જ્ઞાનપંચમી વગેરેના સમાચાર આવતા અંકે આપવામાં આવશે.

**પૂજ્યશ્રીને 'સન્માર્ગરક્ષક' પદ એનાયત** :

મસૂર જૈન સંઘ સહિત અનેક જગ્યાએ પૂ.ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાએ સંઘર્ષોમાંય સન્માર્ગને જ પકડી રાખ્યો..ઉપરાંત સન્માર્ગની જ રક્ષાના સફળ પ્રયત્નો કર્યા.તે કારણે મસૂરના શ્રીસંઘે પૂજ્યશ્રીને; વિહારપૂર્વે-વિદાયપૂર્વે**'સન્માર્ગ રક્ષક'** નો ખિતાબ એનાયત કર્યો હતો.ગુજરાતથી મહારાષ્ટ્ર પધાર્યા.મહારાષ્ટ્રથી આગળ દક્ષિણમાં કર્ણાટક,આંધ્રપ્રદેશ,તામિલનાડુનાં કેટલાક પ્રદેશોમાં વિચરણ કર્યું.તે- તે સ્થાનોમાં શાસ્ત્ર-સિદ્ધાંતની વફાદારી પૂર્વક,સિદ્ધાંતોની અને માર્ગની રક્ષા કર્યાના અનેક પ્રસંગો બન્યા. મસૂરમાં પણ કેટલીકવાર એવા પ્રસંગો ઊભા થયા.આ પ્રસંગોમાં પૂજ્યશ્રીએ અપમાન સહ્યાં, અપશબ્દો સાંભળ્યા. સત્ય હંમેશા કડવું હોવાથી સહુને પસંદ ન આવે, એ સ્વાભાવિક છે.પૂજ્યશ્રી સૈદ્ધાંતિક અને માર્ગની બાબતમાં ઝૂક્યા નથી.કોઈની(ટ્રસ્ટી હોય કે પ્રમુખ વગેરે મોટા શેઠ હોય) શેહ-શરમમાં તણાયા નથી.સિદ્ધાંતની કે માર્ગની વાત કરવામાં ખચકાયા કે ડર્યા નથી.(વિજય તો અંતે સત્યનો જ થાય છે.)અલબત્ત,સત્ય પ્રરૂપવામાં,માર્ગની વાત કરવામાં સહેવાનું આવે જ છે.લોકમાં ક્યારેક અપ્રિય થવાનું થાય છે.દુશ્મનાવટ પણ ઊભી થાય છે. વાહવાહી લેવામાં સત્યને કે માર્ગને આંચ આવવાની પૂરી સંભાવના રહે છે.

દક્ષિણના વિહાર-ચોમાસાં વગેરેમાં અજ્ઞાનતા વિશેષ હોવાના કારણે સન્માર્ગની પ્રરૂપણા કરવામાં,તેની સામે આવતા અટ-પટા પ્રશ્નોનાં શાસ્ત્રીય સમાધાન આપવામાં શાસ્ત્રજ્ઞાન-સમજાવવાની પદ્ધતિ, સરળ-રસાળ શૈલી, આવેશનો અભાવ,અનુભવ,ઐતિહાસીક ઘટનાઓની જાણકારી વગેરેની ખૂબ જ આવશ્યકતા હોય છે. આ બધું જ પૂજ્યશ્રી પાસે છે. તેઓએ પોતાના સિદ્ધાંતસંરક્ષક,તમામ વિષયોનાં મર્મજ્ઞ ગુરુદેવ પાસે ૨૫-૨૫ વર્ષ પડછાયાની જેમ રહી જ્ઞાન - અનુભવ અને ગુરુદેવનું દિલજીતી આશીર્વાદ લીધા છે. ગુરુદેવે મન મૂકીને આશીર્વાદથી નવડાવ્યા છે.તેના જ ફળરૂપે આવી સિદ્ધિઓ મેળવી છે. તેથી મસૂરના શ્રીસંઘે આપેલ **'સન્માર્ગરક્ષક'** પદ સુયોગ્ય છે.પૂજ્યશ્રીએ



ચોમાસા તથા શેષાકાળમાં મળી લગભગ સાડા પાંચ મહિનાથી વધુ સમય શ્રીસંઘને સન્માર્ગનો બોધ કરાવવા સાથે ઉન્માર્ગથી બચાવ્યો છે.

આ કાર્યક્રમ માટે શ્રીસંઘે ખાસ સંગીતકાર વિનીતકુમાર ગેમાવતને બોલાવેલ.ગેમાવતે કાર્યક્રમને સુંદર ઓપ આપ્યો હતો.તે સમયે ગુરુપૂજન અને પદનો ખિતાબ એનાયત કરવાનો એમ બંને ચઢાવા છ આંકડામાં ગયા હતા ! નાના સંઘ ગામડામાં આટલો રેકોર્ડ થયો હતો !

'સન્માર્ગરક્ષક' પૂજ્યશ્રીની ઓઈલ પેઈન્ટ છબી પણ શ્રીસંઘે ઉપાશ્રયમાં પધરાવી.તેનો પણ ચઢાવો બોલાવવામાં આવ્યો હતો. જેનો લાભ; શા.ગેનમલજી ખેમાજી દરલેશા પરિવારે લીધો હતો.

તે દિવસે પોતાના બે પૌત્ર(એક પૌત્ર-એક પૌત્રી : શનય- શનાયા રાજ કટારિયા) ના પ્રથમ વર્ષની પૂર્ણાહુતિ અને દ્વિતીયવર્ષમાં પ્રવેશ થતો હોવાથી; પૂ.સા.શ્રીહર્ષ - પદ્મનંદિતાશ્રીજી મ.નું માર્ગદર્શન મેળવી,સંસારી કે વર્તમાનમાં ચાલતી પશ્ચિમની કુપ્રથામાં ન જતાં સંઘ સાધર્મિકવાત્સલ્યનો લાભ લીધે હતો. શ્રીસંઘે આ રમેશભાઈ હજારીમલજી કટારિયા પરિવારનું બહુમાન કર્યું હતું. તે પરિવારે, પૌત્ર-પૌત્રી વગેરેએ ગુરુપૂજન કરી શ્રીસંઘમાં ૧૧-૧૧ હજાર સાધારણ ખાતે રકમ લખાવી હતી.(બંનેનાં નામથી અલગ અલગ)

પદ એનાયતનો મંગલ કાર્યક્રમ લગભગ ૧૦-૦૦ થી ૨-૩૦ સુધી ચાલ્યો હતો. છેલ્લે પૂજ્યશ્રીએ માર્મિક હિતશિક્ષાનું પ્રવચન પ્રદાન કર્યું હતું.ત્યારબાદ સાધર્મિકવાત્સલ્ય થયેલ.

જૂના પ્રમુખ(અધ્યક્ષ)ભભુતમલજી,સુભાષભાઈ તથા મહેન્દ્રભાઈની ૪૦ વર્ષની અખંડ સેવા રૂપે સંઘવી પરિવારનું બહુમાન કર્યું હતું. સાથે નવા પ્રમુખ (પ્રકાશભાઈ) તથા ઉપપ્રમુખ(નીતીનભાઈ ભાટે)નું પણ બહુમાન કરેલ.

**વિહાર** : કા.વ.૭ તા.૧૫-૧૧-૨૦૨૨ મંગળવારે સૂર્યોદય પૂર્વે પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોએ મસૂરથી પ્રથમ વિહાર કર્યો.સંઘના લગભગ ઘણા ભાગ્યશાળીઓ વળાવવા માટે ગામ બહાર સુધી આવ્યા હતા.ત્યારબાદ પગે ચાલી ન શકનાર કેટલાક ભાગ્યશાળીઓ પાછા વળ્યા. બાકીનો મોટો ભાગ પૂજ્યશ્રી સાથે હેળગાંવ પધારેલ.(હેળગાંવમાં ભૂતકાળમાં પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના સંસારી દાદા વગેરે રહેલા હતા.)મસૂરના શ્રીસંઘે હેળગાંવમાં વિહારધામ બંધાવ્યું છે. તેનું નામ **પૂ.આ.શ્રીવિજયમિત્રાનંદ-સૂરિવિહારધામ** રાખેલ છે.તેનું સંચાલન મસૂરનો સંઘ જ કરે છે. **(ક્રમશઃ)** ધ

## તેનું જીવન સફલ

**वाणी रसवती यस्य, भार्या पुत्रवती सती।**
**लक्ष्मी दानवती यस्य, सफलं तस्य जीवितम्।।**

જેની વાણીમાં મીઠાશ છે, જેની પત્ની પુત્રોવાળી હોવા સાથે સતી છે, જેની લક્ષ્મી દાનમાં વપરાય છે; તેનું જીવન સફલ છે.